સત્યમેવ જયતે

રજૂ તારીખ–૨૫/૦૯/૨૦૨૫

દાખલ તારીખ–૨૫/૦૯/૨૦૨૫

ફેસલ તારીખ–૦૭/૦૮/૨૦૨૬

સમયગાળો વર્ષ ૦૦ માસ ૧૦ દિવસ ૧૩

**થરાદ નાં મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.થરાદ**

ફોજદારી કેસ નંબરઃ–૯૫૨/૨૦૨૫
આંકઃ– ૧૨

શ્રી સ ર કા ર ............ફરિયાદી

<u>વિરુદ્ધ</u>

લોકેશભાઈ ભાંણાજી નાનાજી બરંડા ભીલ,

રહે.,નારોલી, તા.થરાદ

.............આરોપી

**ગુન્હો – પ્રોહી એક્ટની કલમ– ૬૫(એ)(એ), ૧૧૬(બી),૯૮(૨) મુજબ.**

---

ફરિયાદપક્ષ તરફે – વિ.એ.પી.પી.શ્રી સરકાર

આરોપી તરફે – વિ.વ.શ્રી. આર.કે.ચૌહાણ

---

**<u>// ઠ રા વ //</u>**

૦૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે પોતાનું હિરો હોન્ડા કંપનીનું પેશન પ્રો મોટર સાઈકલ જેનો રજી.નં. GJ.24.H.0674 જેનો એન્જીન નંબર HA10EDAGG14046 તથા ચેચીસ નંબર MBLHA10AHAGG20613 કિં.રૂા.૩૦,૦૦૦/– વાળા મોટર સાઈકલ ઉપર કાળા કલરના બે થેલામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો/ બિયર ટીન કુલ નંગ–૨૮, જેની કુલ કિંમત

રૂા.૯,૬૪૦/- તથા એક ઓપો કંપનીનો ગ્રે કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ કિંમત રૂા.૫,૦૦૦/- મળી કુલ રૂા.૪૪,૬૪૦/- નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ પ્રોહીબીશન અક્ટની કલમ- ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે તે મતલબની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા જે થરાદ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૫૦૫૦૨૫૦૬૫૩/૨૦૨૫ થી નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસને અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળી આવતા તે મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ.

૦૨) ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં, આ કામના આરોપીને અત્રેની કોર્ટ દ્વારા પોલીસ પેપર્સની નકલ મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી વાંચી સંભળાવી અને આંક-૦૫ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ અને આરોપીએ પોતાની સામેના તહોમતનો ઈન્કાર કરતાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પર કામ મુલત્વી રાખવામાં આવેલ.

૦૩) ફરીયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો તથા દસ્તાવેજી પુરાવો -</u>**

આંક- ૦૭ થી પંચસાહેદ ગુમાનસિંહ રાણજી રાજપુત ની જુબાની

આંક- ૦૮ થી મુદ્દામાલ રીકવરી પંચનામું

આંક- ૦૯ થી ત.ક.અ.શ્રી ભરતભાઈ વાલાભાઈ પ્રજાપતિ ની જુબાની

આંક- ૧૦ થી ફરીયાદી શ્રી હરીભાઈ રતનશીભાઈ ચૌધરી ની જુબાની

આંક- ૧૧ થી ફરીયાદ

૦૪) આ કામે વિ.એ.પી.પી.શ્રીની મોખિક વિનંતી આધારે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ઉપરોક્ત પુરાવાનાં અનુસંધાને આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો આવેલ હોય જેથી સદર કામે આરોપીનું બી.એન.એસ.એસ. એક્ટ-૨૦૨૩ ની કલમ- ૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તમામ હકીકતો ખોટી હોવાની અને ખોટુ ચાર્જશીટ કરેલ હોવાની વિગતો જણાવેલ છે.

૦૫) ત્યારબાદ આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલનાં કામે કોઈ

સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને માત્ર પોલીસ સાહેદને જ તપાસવામાં આવેલ છે તેમજ પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા નથી જેથી પંચનામાની હકીકતો સાબીત થતી નથી. જે તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

૦૬) હાલનાં કેસનાં ન્યાયીક નિર્ણય તથા નિકાલ અર્થે અત્રેની કોર્ટ દ્વારા નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરેલા છે.

**//મુદ્દા//**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે પોતાનું હિરો હોન્ડા કંપનીનું પેશન પ્રો મોટર સાઈકલ જેનો રજી.નં. GJ.24.H.0674 જેનો એન્જીન નંબર HA10EDAGG14046 તથા ચેચીસ નંબર MBLHA10AHAGG20613 કિં.રૂા.૩૦,૦૦૦/– વાળા મોટર સાઈકલ ઉપર કાળા કલરના બે થેલામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો/ બિયર ટીન કુલ નંગ–૨૮, જેની કુલ કિંમત રૂા.૯,૬૪૦/– તથા એક ઓપો કંપનીનો ગ્રે કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ કિંમત રૂા.૫,૦૦૦/– મળી કુલ રૂા.૪૪,૬૪૦/– નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ પ્રોહીબીશન અક્ટની કલમ– ૬૫(એ)(એ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

૦૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

૦૮) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપેલા છે.

**// કારણો//**

**મુદ્દા નં.૧–**

૦૯) ફરીયાદપક્ષના કેસની હકીકત કે જે પેરા–૧ જણાવેલી છે તેની સાબીતી માટે

જોવામાં આવે તો હાલના કામે મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ પંચનામાની વિગતે પંચ રૂબરૂ કબજે કરેલ તે પંચનામાંમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે અને તૈયાર પંચનામામાં સહી કરેલાની હકીકત જણાવે છે અને આરોપીને બચાવવા ખોટી જુબાની આપે છે તેનો ઈન્કાર કરેલો છે.

૧૦) ફરીયાદ પક્ષ દ્વારા ત.ક.અ.શ્રી ભરતભાઈ વાલાભાઈ પ્રજાપિત નાઓને આંક-૦૯ થી તપાસેલ અને તેઓ તેમની જુબાનીમાં એમ જણાવે છે કે, ગઈ તારીખ ૦૧/૦૮/૨૦૨૫ ના રોજ થરાદ પો.સ્ટે. ગુ.ર.નં. ૬૫૩/૨૦૨૫, પ્રોહી એક્ટની કલમ-૬૫(એ)(એ), ૧૧૬(૨) વિગેરે મુજબના ગુનાની તપાસ અમારા તરફ કરતાં તપાસ અમોએ સંભાળી લીધેલ. તપાસના કામે કબજે કરેલ મુદ્દામાલ સેમ્પલ એફ.એસ.એલ. માટે મોકલી આપેલ. આરોપીને અટક કરી યોગ્ય જામીન ઉપર પો.સ્ટે.થી મુક્ત કરેલ તેમજ ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતા પારાવા પડતાં હોઈ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને હું ઓળખું છું. જે આજરોજ કોર્ટમાં હાજર છે.

જ્યારે ઉપરોક્ત સાહેદની આરોપી પક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. મોટર સાઈકલની માલીકી અંગેનો કોઈ પુરાવો મેળવેલ નથી.

ફરીયાદ પક્ષ દ્વારા ફરીયાદી શ્રી હરીભાઈ રતનશીભાઈ ચૌધરી નાઓને આંક-૧૦ થી તપાસેલ અને તેઓ તેમની જુબાનીમાં એમ જણાવે છે કે, ગઈ તા.૦૧/૦૮/૨૦૨૫ ના રોજ અમો તથા અ.હે.કો. ભરતભાઈ વાલાભાઈ સાથે થરાદ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન નારોલી ઓપી વિસ્તારમાં રડકા ગામ તરફથી આજાવાડા ગામ તરફ જવાના રસ્તે એક હીરો બાઈક આવી રહ્યુ હતું. જે શંકાસ્પદ જણાતા તે ઈસમને ઉભુ રાખવાનો ઈશારો કરતાં તેણે બાઈક ઉભુ રાખેલ જે બાઈક ઉપર લટકાવેલા થેલામાં શું છે તે બાબતે પૂછતાં તેણે વિદેશી દારૂ ભરેલ છે તેમ જણાવેલ. જેથી, સાથેના અ.હે.કો. એ નજીકમાંથી બે પંચો બોલાવેલ જે પંચ નં. ૧ ગુમાનસિંહ રાણાજી રાજપુત, રહે., અજાવાડા તથા નં.૨ નાગજીભાઈ ગણેશભાઈ રાઠોડ રહે., આજાવાડાનાઓને રૂબરૂ સદર ઈસમને ઝડતી તપાસ હાથ ધરેલ જે બાઈક ઉપર લટકાવેલ થેલો ખોલી ચેક કરતાં તેમાથી ગેરકાયદેસર ભારતીય બનાવટના

વિદેશી દારૂ જે કુલ બોટલો નંગ−૨૮ જે કિંમત રૂા.૯,૬૪૦/− નો મળી આવેલ. જેમાંથી એક બોટલ સેમ્પલો સારૂ કાઢી લઈ તેની ઉપર બે પંચોની સહી વાળી તથા પી.આઈ. શ્રી થરાદના માર્કાનું સીલ કરી બાકીનો મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરેલ. સદર ગુનાનું પંચનામું સાથેના અ.હે.કો. એ કરેલ. તેમજ સદર ગુનાની ફરીયાદ અમોએ થરાદ પોલીસ સ્ટેશન માં આપેલ જેમાં મારી સહી છે. જે હું ઓળખું છું. જે રજૂ દાખલ આંક−૧૧ આપવામાં આવે છે. આરોપીને હું ઓળખું છું. જે આજરોજ કોર્ટમાં હાજર નથી.

આરોપી વિરૂદ્ધ સી.આર.પી.સી.ની.કલમ−૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલહોય સદરહું સાહેદની બચાવપક્ષેની ઉલટતપાસ નથી.

૧૧) આમ, ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલનાં ભારતીય બનાવટના વિદેશી દારૂના કબજાના કેસમાં ફરીયાદપક્ષે પંચનામું એ એક અગત્યનો દસ્તાવેજ છે. પરંતુ આ કામના મહત્વના સાહેદો પંચ પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમની જુબાનીમાં પંચનામાની હકીકતો સાબીત થતી નથી. ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું ગુણ−દોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો આ કામમાં એ હકીકતની નોંધ લેવી ઘટે બનાવવાળો વિસ્તાર કે જે જાહેર વિસ્તાર છે તેમ છતાં ફરીયાદપક્ષ દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોને સાહેદ તરીકે દર્શાવાયેલા નથી કે તપાસેલા નથી.

**ફરીયાદ તથા પંચનામાનું પુરાવાકીય મુલ્યઃ −**

ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે જ્યારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરુધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જ્યાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. " પુરાવાનું મુલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમમાં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરીયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી

તે માટેના કોઈ ચોક્કસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે દરેક કેસની હકીકતો પુરાવાની આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર સાબીત અને ના સાબિત વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રહી સાબિત કરવાની હોય છે. દીવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીના તમામ તબક્કે  પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃ શંકપણે  વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ–૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવવા માટે ફરીયાદ પક્ષે એવું સાબીત કરવું પડે કે જે મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલો તે આરોપીના કોન્શીયસ પઝેશનમાં હતો. પરંતુ આ કામે ફરીયાદ પક્ષ દ્વારા તેઓ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે તેવું સાબીત થઈ શકે કે મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ આરોપીના કબજામાં હતો.

૧૨) હાલના કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ સાહેદો છે જાહેર વિસ્તાર હોવા છતાં કોઈ પણ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લીધેલા નથી. કબ્જે લેવાયેલ મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ હોય તો તે અંગે તેમના ઉત્પાદકોનાં કોઈ નિવેદન લેવાયેલા નથી. એ વાત સ્પષ્ટ થતી નથી કે, જે બોટલો તેમને કબ્જે કરેલ છે તે બોટલોનાં સિલ ઉપર પંચની સહીવાળી કાપલી લગાવેલ નથી. બોટલો જે જપ્ત થયેલ છે તેવા ઉત્પાદકો અને સક્ષમ અધિકારીનું નિવેદન લીધેલ નથી. આ કામે પુરાવો વંચાણે લેતા પંચ સાહેદ હોસ્ટાઈલ થયેલા છે. પંચનામાની હકીકતોનું બિલકુલ

સમર્થન આપેલ નથી. પંચનામુ સાબિત થતુ નથી.કહેવાતો ભારતીય બનાવટના વિદેશી દારૂનો મુદ્દામાલ જે જગ્યાએથી કબ્જે લેવાયેલ છે તે જગ્યાની માલિકી બાબતે કોઈ તપાસ થયેલ નથી. ફરિયાદમાં પંચનાં નામ સરનામા નથી. વળી બનાવવાળો વિસ્તાર પબ્લિકની અવરજવર વાળો વિસ્તાર છે તેમ છતાં પણ કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લેવામાં આવેલ નથી. અન્ય સાહેદની ઉ.ત. જોવામાં આવે તો, વિસંગતતાઓ છે. આમ, ફરિયાદપક્ષ નિઃશંકપણે કબ્જે લેવાયેલ મુદ્દામાલ સિલબંધ બોટલો હોય તે પુરવાર કરી શકેલી નથી.

૧૩) નામદાર ગુજરાત હાઈકોર્ટે ગુલાબભાઈ રણછોડભાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૨ (૨) જી.એલ.એચ.(ગુજે)પેજ નં. ૧૧. તથા તા. ૧૭/૦૪/૨૦૧૨ ક્રિમીનલ રિવિજન અરજી નં. ૪૫૩/૨૦૦૩ દિલીપ સુરેશભાઈ સાણસી વિરુધ્ધ ગુજરાતનાં ચુકાદામાં જણાવ્યા મુજબ " કલમ–૧૦૭બી હેઠળ અનુમાન પુરવાર કરવા માટે કબ્જે લેવામાં આવેલી શિલબંધ બોટલો પર ઓરિજીનલ લેબલ તે બ્રાન્ડનું નામ અને તેની બનાવટ નિર્દેષ કરતુ હોવુ જોઈએ. ફરિયાદપક્ષે તે બ્રાન્ડ અને તે બ્રાન્ડની બનાવટ કરતી કંપનીનાં ઓરિજનલ લેબલ છે તે પુરવાર કરવુ પડે જો ફરિયાદપક્ષ તે પુરવાર કરવામાં નિષ્ફળ જાય એવું અનુમાન કરી શકાય નહી કે આ બોટલો ઓરીજનલ છે અને કલમ ૧૧૬બી મુજબનાં તત્વો સંતોષાય નહી અને ૧૧૬બી હેઠળનાં અનુમાનની ગેરહાજરીમાં ફરિયાદપક્ષે કેમિકલ એનાલાઈઝરનાં રિપોર્ટથી પુરવાર કરવુ પડે કે, કબ્જે લેવામાં આવેલ મુદ્દામાલ દારુ હતો." નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ આ સિધ્ધાત હાલનાં હાથ પરનાં કેસમાં લાગુ પડે છે. ફરિયાદપક્ષ દ્વારા કંપનીનાં કોઈ કર્મચારીઓનાં નિવેદન લેવામાં આવેલ નથી. તેમજ ઓરિજીનલ બોટલો હોવાના કોઈ કથન પુરવાર થતા નથી. જેથી પડેલ પુરાવો સાથે વંચાણે લેતા ફરિયાદપક્ષ કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી.

૧૪) હાલના કામે પંચનામુ પુરવાર થતુ નથી. આ જ પંચ પોતાની સહીવાળી કાપલી મુદ્દામાલમાં મુકેલ તે હકિકત સાબિત થતી નથી. જે જગ્યાએથી મુદ્દામાલ કબ્જે થયો તેની માલિકી પુરવાર થતી નથી. ત્યારે આ જ આરોપીનાં સભાનપણાનાં કબ્જામાંથી મુદ્દામાલ મળી આવેલાનું હકીકત પુરવાર થતી નથી. આ કામે જ્યારે એક્સ્કલ્યુઝીવ એન્ડ કોન્સીયસ પઝેશન પુરવાર થતુ ન હોય કથિત મુદ્દામાલ દારુ બાબતે એફ.એસ.એલનું સર્ટિ. રજુ થયેલ નથી જે તમામ શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર

છે.

૧૫) નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલ જી.એચ.જે.૨૦૧૧ ભાગ–૨૬ પાના નં. ૧ નો ધ્યાને લેતા જો મૌખિક અને દસ્તાવેજી પુરાવાથી અગર એક પણ પંચ હોસ્ટાઈલ જાહેર થાય ત્યારે પઝેશન અને જપ્તિ અને ઝડતીનાં એટલે કે, પ્રોહી. ના કેસો બિયોન્ડ રિઝનેબલ ડાઉટ પુરવાર થઈ શકે નહી અને આ ચુકાદામાં નામ. હાઈકોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવવા અને છોડી મુકાવાનાં નીચલી અદાલતનાં ચુકાદાને યર્થાથ ઠરાવેલ છે. હાલનાં હાથ પરનાં કેસમાં પંચો હોસ્ટાઈલ છે ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી કે, કથિત મુદ્દામાલ આરોપીનાં સભાન કબ્જામાંથી કબ્જે લેવાયેલ છે આમ, ઝડતી અને જપ્તિની પ્રક્રિયા નિશંકપણે પુરવાર થતી નથી.

૧૬) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા આ કામના પંચ સાહેદ તેમની જુબાની દરમ્યાન પંચનામાની હકીકતને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેમની સમગ્ર જુબાની દરમ્યાન જણાવતા નથી તેમની હાજરીમાં કહેવાતો મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂ કબજે લેવામાં આવેલ હોય તેવી કોઈ હકીકતને સમર્થન આપતા ન હોય, પંચ સાહેદ નો પુરાવો ફરીયાદપક્ષને મદદરુપ કે ઉપયોગી બનતો નથી. વધુમાં,રજુ પોલીસ સાહેદની જુબાની જોવામાં આવે તો તેઓ બધા રેઈડ વખતે હાજર હતા અને તેઓ સદરહું કેસમાં રસ ધરાવનાર સાહેદો હોવાથી તેઓએ પોતાની કામગીરીને અનુરૂપ પુરાવો આપે છે તેમજ બનાવ સ્થળ જાહેર સ્થળ છે તેમજ પબ્લિક તથા વાહનોની અવર જવર રહેતી હોય છે બનાવની તપાસનાં કામે કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો નોંધવામાં આવેલ નથી. આમ,જે હકીકતની નોંધ લેતા એવું ફલીત થાય છે કે, બનાવસ્થળેથી સ્વતંત્ર સાક્ષી મળી શકે તેમ હોવાછતાં તેવા કોઈ સાક્ષીનાં નિવેદનો તપાસનાં કામે લેવામાં આવેલ નથી પોલીસ સાહેદનાં નિવેદનોમાં પંચોનાં નામ સરનામાની વિગત જણાવવામાં આવેલ નથી તેમજ તેઓ ક્યા ખાનગી વાહનમાં કે સરકારી વાહનમાં પેટ્રોલીંગમાં ગયેલા કે તે વાહનનાં ચાલક કોણ હતુ તેની કોઈ વિગત ફરીયાદમાં જણાવેલ નથી.આમ, ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો લક્ષમાં લેતા બનાવના દિવસે આરોપીના કબજામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલ હોય તેવી હકીકત બાબતે રજુ પુરાવાથી શંકા પ્રેરીત થાય છે. આમ,હાલનાં ગુન્હાનાં કામે આરોપીને તેની સામેના

ગુનાહીત કૃત્ય બદલ જવાબદાર ઠરાવી શકાય તેવો સબળ પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. ફોજદારી ન્યાયશાસ્ત્રનો એ સિધ્ધાંત છે કે, ફોજદારી કામમાં આરોપીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાની હોતી નથી.પરંતુ, ફરીયાદીએ પોતાના કેસની હકીકતો શંકાથી પર રીતે સાબીત કરવાની હોય છે જે ફરીયાદપક્ષ દ્વારા સાબીત કરવામાં આવી નથી ત્યારે આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબીત કરતા ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

ઉપરોકત તમામ ચર્ચાનાં અંતે નામદાર ઉચ્ચ અદાલતોના પુરાવાકિય બોજા સંદર્ભે માર્ગદર્શક સિધ્ધાત લક્ષમાં રાખી જોઈએ તો:-

“ An accused for discharging the burden of proof placed upon him under a statute need not examine himself. He may discharge his burden on the basic of the material already brought on records. An accused has constitutional rights to maintain silence. Standard of proof on part of an accused and that of the prosecution in a criminal case is different.

Furthermore, whereas prosecution must prove the guilt of an accused beyond all reasonable doubt, the standard of proof so as to prove a defense on the part of an accused is “Preponderance of probabilities” Inference of Preponderance of probabilities can be drawn not only from the material brought on records by the parties  but also by reference to the circumstances upon which he relies.

આમ, ફરિયાદપક્ષનાં કેસ મુજબ આરોપીએ તેના ઉપર બચાવ પુરવાર કરવાનો જે બોજો રહેલો છે,તેના માટે પોતાનો પુરાવો રજુ કરવો જરુરી નથી,પરંતુ જે ફરિયાદ પક્ષે રેકર્ડ પર પુરાવો રજુ કરેલો હોય તેનાથી પણ પુરવાર કરી શકે અને સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કેસમાં જે ફરિયાદી પર હોય છે,તેટલું આરોપી ઉપર ન હોય કારણ કે,ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવાનો હોય છે ત્યારે આરોપીએ ફકત શંભવિતતાની માત્રા દર્શાવવાની હોય છે.આમ ઉપરોકત કરેલ તમામ ચર્ચા મુજબ જોઈએ તો આરોપીપક્ષે ફરિયાદીના રજુ પુરાવામાં માની શકાય તેવી શંભવિત શંકા ઉત્પન્ન કરેલ હોય ત્યારે પુરાવાનો ભાર ફરિયાદ પક્ષ પર ખસી જાય છે, અને તે મુજબ ફરિયાદપક્ષે સબળ પુરાવાઓથી પોતાનો કેસ પુરવાર કરવાનો રહે છે પરંતુ ફરિયાદપક્ષ તેવો કોઈ સબળ પુરાવો રજુ કરવામાં ઉપર કરેલ ચર્ચા મુજબ સફળ રહેલા નથી જેથી મુદા નં.૧નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે આરોપી લોકેશભાઈ ભાંણાજી નાનાજી બરંડા ભીલ, રહે.,નારોલી, તા.થરાદ નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ),૧૧૬(૨), ૯૮(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હા સબબ પુરાવાનાં અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં જુના જામીનદારને છ માસ સુધી જામીન તરીકે ચાલુ રાખવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ વાહન અને મોબાઈલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. અન્યથા મુદ્દામાલ વાહન તથા મોબાઈલના મુળ માલિકની ખરાઈ કરી અપીલ સમય વિત્યેથી પરત સોંપવાનો તથા મુદ્દામાલ બે કાળા થેલા તથા ભારતીય બનાવટના વિદેશી દારૂ અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમમાં આજરોજ ખુલ્લા ન્યાયાલયમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૭/૦૮/૨૦૨૫
મુ.થરાદ

(આર.કે.જાની)
જયુડિશીયલ મેજીસ્ટ્રેટફર્સ્ટ કલાસ,
થરાદ
**Judge Code : Gj01658**